# <u>જાહેરાત</u>

## ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર સંચાલિત શાળાઓ માટે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આચાર્યની ભરતી જાહેરાત

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ત્રીજો માળ, બિરસામુંડા ભવન, સેકટર ૧૦/A, ગાંધીનગર.**

ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ અને મોડેલ શાળાઓમાં આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ નં. ઇ.એમ.આર.એસ./૧૦૨૦૧૬/૧૦૭૭/ધ, તા.૧૪/૧૨/૨૦૧૬ ની જોગવાઇ અન્વયે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં (ગુજરાતી માધ્યમ તથા ૧ અંગ્રેજી માધ્યમની શાળામાં) આચાર્યની પસંદગી અંગેની ૧૫ જગ્યાઓ માટે નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૦૧/૦૬/૨૦૧૭ થી ૧૫/૦૬/૨૦૧૭ સુધી www.eklavya-education.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ભરવાપાત્ર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યની જગ્યાની વિગતો નીચે મુજબ છે.

**ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજે કુલ ખાલી જગ્યાઓની જાતિવાર વિગત દર્શાવતું પત્રક**

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યાઓ પૈકી અ.જા. | કુલ જગ્યાઓ પૈકી અ.જ.જા. | કુલ જગ્યાઓ પૈકી શ.શૈ.પ.વ. |
|---|---|---|---|---|
| ૧૫ | ૮ | ૧ | ૨ | ૪ |

**<u>શૈક્ષણિક અને અન્ય લાયકાત:</u>**

1. કોઇપણ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા બી.પી.એડ. અથવા સરકારે જાહેર કરેલ પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઇએ તેમજ રજીસ્ટડ ગ્રાન્ટેડ અથવા સરકારી માધ્યમિક/ઉ.મા. શાળામાં નિયમોનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણ નો ઓછા માં ઓછો સાત વર્ષનો અનુભવ ધરાવતો હોય અથવા
2. રાજ્યમાં નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં આવતા વિષયો પૈકી કોઇ પણ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કરેલ સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટેડ અથવા સરકારી માધ્યમિક/ઉ.મા. શાળામાં નિયમોનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણ નો ઓછા માં ઓછો સાત વર્ષનો અનુભવ ધરાવતો હોય અથવા
3. રાજ્યમાં નોંધાયેલી માધ્યમિક/ઉ.મા. શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ પણ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કરેલ સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટેડ અથવા સરકારી માધ્યમિક/ઉ.મા. શાળામાં નિયમોનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણ નો ઓછા માં ઓછો પંદર વર્ષનો અનુભવ ધરાવતો હોય
4. કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
5. ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ

ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અન્વયે મહિલા અનામત જગ્યાઓની ભરતી કરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. તદ્દપરાંત માજી સૈનિકની જગ્યાઓ ન ભરાય તો આ જગ્યાઓ ઉપરોકત જે તે કેટેગરી વાઇઝ ભરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ પૈકી પર્સનસ વીથ ડીસએબીલીટી એકટના સેકશન ૩૪ મુજબ શારિરીક રીતે અશકતતા ધરવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ના મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.

ઉપરોકત નિયમ અનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે. ઉમેદવારોએ નિયત ફી પોસ્ટ ઓફીસની કોઇપણ શાખામાં વેબસાઇટ પર જણાવવામાં આવેલ સુચનાઓ અનુસરીને **તા. ૦૧/૦૬/૨૦૧૭** થી ભરવાની રહેશે. શિ.વિ.ના તા.૨૪/૦૧/૨૦૧૭ ના પત્રથી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં મહત્તમ વયમર્યાદા ૩૯ વર્ષ કરવામાં આવેલ છે. અનામત કક્ષાના ઉમેદવારો માટે નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટ છાટ આપવામાં આવશે.

કાર્યપાલક નિયામક
ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી
ગાંધીનગર